નવી સેવા વર્ષ ૨૦૧૮-૧૯

નવીબાબત શિશુ અને નાના બાળકને ખોરાક પ્રથાની

તાલીમ માટે ખર્ચ કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૭/૧૦૯૯/બ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૨-૦૪-૨૦૧૮

સંદર્ભ:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા. ૨૮/૧૨/૨૦૧૭ નો પત્ર ક્રમાંક યોજના/૫/આઇસીડીએસ/એમએસવાય/ન્યુ આઇટમ/તાલીમ જિલ્લા/ ૨૦૧૭-૧૮/૫૨૮૮૩/૨૦૧૭.

આમુખ:-

બાળકના સર્વાંગી વિકાસ માટે પ્રથમ ૧૦૦૦ દિવસ ખૂબ મહત્વના છે. આ પ્રથમ ૧૦૦૦ દિવસમાં ૨૭૦ દિવસ (નવ માસ) ગર્ભાવસ્થાના અને બાકીના જન્મથી લઇ બે વર્ષ સુધીની ઉંમર ગણવામાં આવે છે. આ મહત્વના સમયગાળામાં જન્મથી ૬ માસ સુધી બાળકને ફક્ત સ્તનપાન અને ૬ માસ પછી યોગ્ય ઉપરી આહારની શરૂઆત કરવી ખૂબ જરૂરી છે. અને આ માટે સગર્ભા અને ધાત્રીમાતાને સંપરામર્શ (કાઉન્સેલીંગ) દ્વારા સમજ આપવી મહત્વની છે, કાળજી પુર્વક માતા અને બાળકોની સંભાળ લેવામાં આવે તો બાળકોના પોષણ સ્તરમાં સારા પરિણામો મળે છે.

ઠરાવ:-

ગુજરાત સરકારનાં મહિલા અને બાળ વિકાસ વિભાગની સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત સમાજમાં સ્તનપાન અને પૂરક આહાર વિશે જ્ઞાન વધારવા, ખોટી ધારણા અને માન્યતાઓને દુર કરવા અને ૦ થી ૨ વર્ષના બાળકોના આહારની પૂરતી જાગૃતિ અને સંપૂર્ણ માહિતીઓથી આંગણવાડી કાર્યકરોને સંપૂર્ણતઃ સજ્જ બનાવવા જરૂરી છે. સ્તનપાન અને બાળકોના ઉપરી આહાર ની ટેવો વિકસાવવા અને લાભાર્થી માતાઓ ને કાઉન્સેલીંગ દ્વારા સમજ પુરી પાડવા માટે આંગણવાડી કાર્યકરોને શિશુ અને નાના બાળકને ખોરાક પ્રથાની તાલીમ આપવાની થાય છે. વર્ષ ૨૦૧૮-૧૯ ના પ્રથમ તબકકે ૧૪ ટ્રાઇબલ જીલ્લાઓને આવરી લઇને તાલીમો આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

....2..

જેમાં બનાંસકાંઠા, ભરૂચ, છોટા ઉદેપુર, દાહોદ, ડાંગ, મહીસાગર, નર્મદા, અરવલ્લી, નવસારી, પંચમહાલ, સાબરકાંઠા, સુરત, તાપી અને વલસાડ જીલ્લાના આંગણવાડી કાર્યકરોનો સમાવેશ કરી ૭૯૫ બેચોમાં કુલ ૨૩,૮૧૮ આંગણવાડી કાર્યકર બહેનો આવરી લઇ રૂા.૬,૫૯,૮૫,૦૦૦/- (અંકે રુપિયા છ કરોડ ઓગણસાઇઠ લાખ પંચાસી હજાર પુરા) ની નવી સેવા તરીકે નાંણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન થયેલ બજેટ જોગવાઇમાંથી નીચેની શરતોને આધીન ખર્ચ કરવાની આથી વહીવટી મજુરી આપવાનુ ઠરાવવામાં આવે છે.

- શિશુ અને નાના બાળકને ખોરાક પ્રથાની તાલીમ ની ત્રણ દિવસની નિવાસી તાલીમ માટે ૩૦ આંગણવાડી કાર્યકરની ૧ બેચ તૈયાર થાય તેવી ૭૯૫ બેચોમાં, પ્રતિ બેચ રૂ.૦.૮૩/-લાખની (અંકે રુપિયા ત્યાસી હજાર પુરા) મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
- તાલીમાર્થી દીઠ રહેવા માટે રૂ.૨૫૦/- પ્રતિ દિવસ જમવા માટે, રૂ.૨૦૦/- પ્રતિ દિવસ, કીટ માટે રૂ.૧૦૦/- મટીરીયલ્સ માટે રૂ.૧૦૦/- તથા ટી.એ. માટે રૂ.૩૦૦/- મંજુર કરવામાં આવેલ છે. તાલીમ હોલનાં ભાડા માટે રૂ.૩૦૦૦/- પ્રતિ દિવસ, ઓડીયો/વીડીયો પ્રોજેક્ટર માટે રૂ.૧૫૦૦/- પ્રતિ દિવસ, પ્રવાસ માટે રૂ.૮૦૦૦/- તાલીમકાર માટે રૂ.૫૦૦/- પ્રતિ દિવસ તથા પરચુરણ ખર્ચ માટે રૂ.૩૦૦૦/- ની મંજુરી આપવામાં આવેલ છે. જે મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
- શિશુ અને નાના બાળકને ખોરાક પ્રથાની તાલીમો આંગણવાડી કાર્યકર તાલીમ કેન્દ્રો તથા મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્રો મારફતે કરાવવાની રહેશે.

<u>શરતો:</u>

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

...3..

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૧) જ્યારે અને જરૂર જણાયે તથા શક્ય બને ત્યારે ભારત સરકારનું ફંડ મેળવવાનું નિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાજેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર | ૧૦૬ |
| મુખ્ય સદરનું નામ | ૨૨૩૬ પોષણ |
| પેટા મૂખ્ય સદરનું નામ | ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી |
| ગૌણ સદર | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | ૧૯ -મિશન બલમ સુખમ -આઇ.સી.ડી.એસ. મિશન |

...4..

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાંણાં વિભાગની તા.૨૩/૦૩/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના:

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.કા. મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. અગ્રસચિવશ્રી (ખર્ચ),નાંણાં વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર
૪. અગ્રસચિવશ્રી (ખર્ચ),નાંણાં વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર
૫. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૬. નિયામકશ્રી(આઇ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગર
૭. નાંણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
૯. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
૧૦. વિભાગનાં સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ.
૧૧. સિલેકટ ફાઇલ.